# જોરાપુરામાં જમીનમાં દાટી દેવાયેલ રીંછનો મૃતદેહ મળ્યો

### ખોવાયેલી ભેંસની શોધવા નીકળેલી પોલીસ, વન વિભાગને જોરાપુરા ગામ પાસેથી રીંછનો મૃતદેહ મળ્યો : રીંછના મોત અંગેનું સાચું કારણ શોધવા વેટનરી તબીબોની પેનલથી પીએમ હાથ ધરાયુ




બનાસકાંઠા ના દાંતા તાલુકાના જોરાપુરા-વિજલાસણ ગામની સીમ માંથી ચોરી થયેલ ભેંસની શોધખોળ દરમિયાન જમીનમાં ખાડો કરીને દાટી દેવાયેલ એક જંગલી રીંછનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે જોકે રીંછ ના મૃતદેહ મળવા અંગે વનવિભાગ અને પોલીસ તંત્ર દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે તેમજ રીંછના મોત અંગેનું સાચું કારણ શોધવા માટે વેટનરી તબીબો ની પેનલ થી પીએમ હાથ ધરવામાં આવ્યું છે જોકે બનાવમાં રીંછનું મોત ખેતરમાં લગાવેલ ઝટકા મશીન નો કરંટ લાગવા થી થયું હોવાની આશંકા વ્યક્ત કરાઈ રહી છે.

રીંછ નો વસવાટ ધરાવતા દાંતા તાલુકાના જોરાપુરા ગામે જમીન માં દાટી દેવાયેલ રીંછ નો મૃતદેહ મળવા ના બનાવ મા અડેરણ ગામના પશુપાલક આંબાભાઈ માનાભાઈ રબારીની રૂ.૫૦ હજારની કિંમતની ભેંસ ની ગત તા.૧૬/૯/૧૯ ના રોજ વિજલાસણ ગામની સીમ માંથી ચોરી થઈ હતી જે ચોરાયેલ ભેંસ ની શોધખોળ દરમ્યાન ચોરાયેલ ભેંસનું મોત નીપજયું હોઈ વીજલાસણ ગામના કલસિંહ અને દલપતસિંહ ચૌહાણ નામના બે શખ્સો દ્વારા ભેંસ ને જોરાપુરા ગામની સીમમાં આવેલ પાણી ન વહોળા માં ખાડો ખોદીને દાટી દેવામાં આવી હોઈ તાજા ખોદાયેલ ખાડાની તપાસ કરતા તેમાંથી ભેંસનો મૃતદેહ મળી આવ્યો હતો દરમ્યાન ખાડા ની બાજુમાં પણ તાજું ખોદકામ જોવા મળતા તેનું પણ ખોદકામ કરવા માં આવતા આ ખાડા માથી ત્રણ ચાર દિવસ અગાઉ દાટી દેવાયેલ એક રીંછનો મૃતદેહ મળી આવતા બનાવ અંગે પોલીસને જાણ કરાઈ હતી જેને લઈ પોલીસ અને વન વિભાગનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને રીંછ નો કબ્જો મેળવી ને મૃતદેહને પીએમ અર્થે મોકલી આપવામાં આવ્યો હતો જોકે રીંછનું મોત કયા કારણોસર થયું અને કોના દ્વારા રીંછ ના મૃતદેહ ને જમીનમાં દાટવા માં આવ્યો હતો તે અંગે પોલીસ અને વન વિભાગ દ્વારા તપાસનાં ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે જોકે રીંછ નું મોત કોઈ ખેતર માં લગાવેલ ઝાટકા મશીનનો કરંટ લાગવા થી થયું હોઈ રીંછ ના મોત અંગે ની ઘટના ને દબાવવા માટે તેને જમીન માં દાટી દેવામાં આવ્યું હોવાનું મનાઈ રહ્યું છે.

#### જમીનમાં દાટી દેવાયેલ ભેંસને શોધતા રીંછનો મૃતદેહ મળ્યો

દાંતા તાલુકાના અરડેણ ગામ ના પશુપાલક ની ભેંસ ની અઠવાડિયા અગાઉ વિજલાસણ ગામ નજીકથી ચોરી થઈ હતી જે ચોરાયેલ ભેંસની શોધખોળ દરમ્યાન પશુપાલકે જોરપુરા ગામની સીમમા તાજા ખોદકામ કરાયેલ જગ્યાએ ખોદકામ કરતા અહીં જમીનના ખાડામાં દાટી દેવાયેલ ભેંસનો મૃતદેહ મળી આવ્યો હતો. જોકે આ ખાડાની બાજુમાં જ તાજુ ખોદકામ જોવા મળતા તેનું પણ ખોદકામ કરવામાં આવતા તેમાંથી પણ ત્રણ ચાર દિવસ અગાઉ મરણ પામેલ રીંછનો મૃતદેહ મળી આવ્યો હતો

#### મૃત રીંછનું ચાર તબીબોની પેનલ દ્વારા પીએમ કરાયું

જોરાપુરા ગામ ની સીમ માં જમીન ના ખાડા માં દાટી દેવાયેલ હાલત માં મળી આવેલ રીંછ નું મોત કેવા સંજોગો માં થયું છે રીંછ ને મારી નાખવા માં આવ્યું છે કે કેમ તે અંગે નું સાચું કારણ શોધવા માટે ચાર વેટનરી તબીબો ની પેનલ થી રીંછ નું પીએમ હાથ ધરવા માં આવ્યું હતું

#### રીંછનું મોત ઝાટકા મશીનથી થયું હોવાની આશંકા

બનાસકાંઠા જિલ્લા વન સરક્ષક અધિકારી અંશુમાન શર્મા એ જણાવ્યું હતું કે જોરાપુરા ગામ ની સીમમાં જમીન માં ખાડો ખોદી ને દાટી દેવાયેલ હાલત માં મળી આવેલ રીંછ નું મોત ત્રણ ચાર દિવસ અગાઉ કોઈ ખેતર માં લગાવેલ ઝાટકા મશીન ના કરંટ થી થયું હોવાની આશંકા વ્યક્ત કરાઈ રહી છે જોકે રીંછ નું કેવા સંજોગો માં મોત નીપજ્યું છે અને તેને જમીન માં કોને દાટ્યુ છે તે અંગે તપાસ હાથ ધરવામાં આવી છે.

## ધાનેરા મધુસુદન માર્કેટની પાર્કિંગની જગ્યા પર બનશે દુકાનો : વેપારીઓની મુશ્કેલી વધશે

### આ શોપિંગમાં કોઈજ સુવિધા નથી : સામાન્ય પાર્કિંગ છે તે પણ છીનવાઈ જશે : જિલ્લા કલેક્ટર સાહેબ એકવાર રૂબરૂ મુલાકાત લે તેવી વેપારીઓની માંગ



ધાનેરા માં સુરક્ષા અને સુવિધા વગર ના શોપિંગ માં ધંધો કરતા વેપારીઓ ની મુશ્કેલી વધવાના એંધાણ વર્તાઈ રહ્યા છે કેમકે શોપિંગ માલિક ધ્વરા પાર્કિંગ વળી જગ્યા ઉપર અન્ય દુકાનો બનાવવા માટે કાર્યવાહી હાથ ધરી છે સરકાર પાસે મંજૂરી માગી વાતે છે

ધાનેરા માં વર્ષો પહેલા નીતિન પટેલ ધ્વરા ધાનેરા માં નિયમોને નેવે મૂકી મધુસદન નામનું શોપિંગ બનાવ્યું હતું અને લોકોને ઊંચા ભાવે દુકાનો પધરાવી હતી ,,,,,દુકાન ખરીદનાર લોકો આજે પણ પસ્તાઈ રહ્યા છે કેમકે આ શોપિંગ માં કોઈજ સુવિધા નથી નથી તો પાર્કિંગ ની સુવિધા કે નથી શોચાલય ની અને અત્યારે આ શોપિંગ જાર્જિત બની ગયું તેમ લાગી રહ્યું છે આ શોપિંગ વીજ વાયર ના ખુલ્લા લટકતા ગુચલાં ને લઈ વારંવાર શોર્ટશર્કિટ થાય છે અને આગ લાગવાના પણ બનાવો બને છે અને વેપારીઓ ને મોટું નુકશાન વેઠવાનો વારો આવી રહ્યો છે વેપારીઓ ધ્વરા શોપિંગ મલિક ને આ બાબતે રજૂઆત કરતા વેપારીઓ ને ઉડાઉ જવાબ આપી રહ્યો છે તો હવે આ શોપિંગ માલિક પાર્કિંગ ની જગ્યા ઉપર પહેલેથીજ કબ્જો કરીને બેઠો હતો અને તે જગ્યા કેટલાક લોકોને ભાડે આપી દીધી હતી અને હવે એ જગ્યા ઉપર દુકાનો બનાવવા માટે હરખપદુડો બન્યો છે અત્યારે ધાનેરા માં એક જ વાત સાંભળવા મળી રહી છે કે નીતિન પટેલ ધ્વરા પાર્કિંગ વળી જગ્યા ઉપર દુકાનો બનાવવા માટે બનાસકાંઠા કલેક્ટર પાસે મંજૂરી માંગવા માટે કાગળો મુક્યા છે જો આ વાત સત્ય હોય તો ખુબજ શરમ જનક કહેવાય અને જો પાર્કિંગ વળી જગ્યા ઉપર દુકાનો બની જાય તો વેપારીઓ ની મુશ્કેલીઓ પણ વધી જાય અને ટ્રાફિક ની સમસ્યા પણ વધી જાય તેમ છે માટે આ વેપારીઓ ઈચ્છી રહ્યા છે કે જિલ્લા ના કલેક્ટર સાહેબ એક વાર આ જગ્યા ની મુલાકાત લે અને પછી આગળ નો નિર્ણય લે તેવી લોક માંગ ઉઠવા પામી છે

## માધવી ડેરીમાં ત્રીજા દિવસે પણ જીએસટી દરોડા યથાવત

### વિવિધ ૧૮ સ્થળો પર થી રૂ.૧૦.૫૦ લાખ થી વધુની કરચોરી પકડાઇ : ઉત્તર ગુજરાતમાં આવેલ માધવીની ફૅચાઇઝ, આઉટલેટ અને માલિકોના નિવાસ સ્થાને ચાલી તપાસ

પાલનપુર, મહેસાણા, સિદ્ધપુર સહિતના શહેરોમાં આઈસ્ક્રીમ, કોલડ્રિન્ક, અને મીઠાઈનું વેચાણ કરતી પાલનપુરની માધવી ડેરીના જુદા જુદા ૧૮ જેટલા સ્થાનો પર જીએસટી તંત્રના દરોડા પડ્યા હતા જેમાં ત્રણ દિવસના સર્ચ ઓપરશન દરમ્યાન રૂ.૧૦.૫૦ લાખ થી વધુની કરચોરી બહાર આવવા પામી છે. ઉત્તર ગુજરાત ના વિવિધ શહેરોમા ૧૫ જેટલા પાર્લરો ધરાવતી પાલનપુરની માધવી ડેરી પ્રોડક્ટ્સ મા કરચોરી ને પકડવા માટે જીએસટી દ્વારા માધવી ની ફૅચાઈઝ, આઉટલેટ અને માધવીના ભાગીદારોના નિવાસસ્થાન મળીને ૧૮ સ્થળો પર શનિવારની વહેલી સવાર ઓચિંતા દરોડા પાડવામાં આવ્યા હતા અને જીએસટીના અધિકારીઓ દ્વારા સળંગ ત્રણ દિવસ સર્ચ ઓપરેશન કરવામાં આવ્યું હતુ જેમાં સોમવારની મોડી સાંજ સુધી ચાલેલી તપાસમાં આશરે ૧૦.૫૦ લાખની કરચોરી બહાર આવવા પામી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. જીએસટીના ૨૭ જેટલા અધિકારીઓની ટીમ દ્વારા શનિવાર ની વહેલી સવાર થી માધવી ડેરીના એક સાથે જુદાજુદા ૧૮ સ્થળો પર સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું જે તપાસ ત્રણ દિવસ સુધી ચાલી હતી જેમાં પાર્લર સહિત ત્રણ ભાગીદારો ના નિવાસસ્થાનો પર તપાસ દરમ્યાન ૧૦.૫૦ લાખ કરચોરી બહાર આવી છે જેમાં રકમનો આંક વધવાની સૂત્રો દ્વારા આશંકા વ્યક્ત કરાઈ રહી છે.

## ભિલોડા તાલુકા બ્લોક હેલ્થ કચેરી ધ્વારા પી.આર.આઈ. મેમ્બરનો વર્કશોપ યોજાયો

ભિલોડા તાલુકા બ્લોક હેલ્થ કચેરી ધ્વારા પી.આર.આઈ. મેમ્બરનો વર્કશોપ યોજાયો હતો.ગ્રામ આરોગ્ય સમિતિની ઉપસ્થિતીમાં ભિલોડા તાલુકા બ્લોક હેલ્થ ઓફીસર ડૉ.એ.જે.વૈષ્ણવ ધ્વારા આરોગ્ય વિષયક કાર્યક્રમોનું પ્રેઝેન્ટેશન કરાયું હતું. આરોગ્ય કેન્દ્ર, રોગી કલ્યાણ સમિતિ,સબ સેન્ટરો,વિલેજ કક્ષાએ હેલ્થ સેનિટેશન એન્ડ ન્યુટ્રિશન સમિતિમાં આવતી જનની સુરક્ષા,ચિરંજીવી, કસ્તુરબા પોષણ,જનની શીશુ સુરક્ષા, એઈડ્સ, ટી.બી., રક્તપિત્ત, કેન્સર, સિકલસેલ સહિત વિવિધ યોજનાઓની વિસ્તૃત ચર્ચાઓ કરાઈ હતી. સમગ્ર વર્કશોપ કાર્યક્રમનું સફળ સંચાલન સુપરવાઈઝર આર.એ.વણકરએ કર્યું હતું.

## ખેડબ્રહ્માના વાસણા રોડ ઉપર ગટર ઊભરતા ગંદકીથી પ્રજા પરેશાન

### ગંદકીના કારણે રોગચાળો ફેલાવાની ભીતિ



ખેડબ્રહ્મા

ખેડબ્રહ્માના વાસણા રોડ પર ગટરના પાણી ઊભરાય તળાવમાં ફેરવાઈ જતાં ભારે ગંદકી અને મચ્છરો નો ઉપધરવ વધી જવાથી બીમારી ફેલવાની ભીતિ સેવાઈ રહી છે. સોસાયટીના રહીશો ધ્વાર વારંવાર રાજુઆત કરવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા રહીશોમાં રોષ ફેલયો છે.

ખેડબ્રહમણા વાસણ રોડ પર આવેલ બ્રહ્મા આશ્રય સોસયટીના નાકા ઉપર જલારામ ડેરી પલર પાછળ ગટર ઊભરાઈ છે જેને કારણે છેલ્લા એક માસથી સોસયાટી આગળ તળાવ ભરાયું છે, જેને કારણે આજુબાજુ રહેતા લોકોને ભારે મુસકેલિ વેઠવાનો વારો આવ્યો છે. અને મચ્છરજન્ય રોગચાળો ફેલવાની ભીતિ સેવાઈ રહી છે. સોસાયટીના રહીશ શીતલભાઈ જોશી, ભરતસિંહ રાણા, લક્ષમનભાઈ, તથા શૈલેષભાઈ વાળંદ, સંજયસિંહ સોલંકીના જણાવ્યા અનુસાર ગત ૧૪ સપ્ટેમ્બરણા રોજ નગરપાલિકામાં લેખિત અરજી ક્રવમાં આવી છે પરંતુ કોઈ જવાબદર વ્યક્તિ હજુ સુધી કોઈ કર્યાવહી કરવા આગળ આવ્યા નથી. રહીશોના જણાવ્યા અનુસાર નગરપાલિકાએ ૩ વર્ષ પહેલા સમગ્ર સહેરમાં ભૂગર્ભ ગટર યોજના બનાવમાં આવી હતી પરંતુ નગરપાલિકા પાસે આજે પણ એસ.ટી.પી. માટે જગ્યા ના હોય ગટરના પાણીની નિકાલની કોઈ વ્યવસ્થા નથી અને વધુમાં શહેરના મોટાભાગના લોકોએ ગટર કનેક્શન જોડાણ કરી દીધા છે. અને સમગ્ર સહેરની ગટરનો ઢોળાવ વાસણા રોડ તરફ હોય બધુ ગંદુ પાણી અહી આવી રોકી જાય છે અને ગટરમાથી ઊભરી બહાર આવી તળાવ નું સ્વરૂપ ધારણ કર્યું છે જેને લઈ અસહ્ય ગંદકી અને મચ્છરોનો ત્રાસ વધી જવા પામ્યો છે. જો નાગર પાલિકા ધ્વારા સત્વરે કોઈ નક્કર કાર્યવાહી કરવાંમાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

## ગાંધીના ગુજરાતમાં દારૂબંધ કરાવવા ધાનેરામાં રેલી કાઢી આવેદનપત્ર

આમ તો ગુજરાતમાં દારૂ બાંધી છે પરંતુ ગુજરાત માં આવેલા બનાસકાંઠા જિલ્લાના ધાનેરાના લોકો એટલા બધા કંટાળી ગયા છે કે ગુજરાતમાં આપી ધાનેરામાં દારૂના અડ્ડા બન્ધ કરાવવા માટે વિનંતી કરી હતી અને સાથે સાથે ચીમકી પણ ઉચ્ચારી હતી કે જો તાત્કાલિક કાર્યવાહી કરવામાં નહિ આવે તો



દારૂબંધીનું પાલન કરવા માટે રેલી અને આવેદન પત્ર આપવાનો વારો આવ્યો છે બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા માં આજે મોટી સંખ્યા માં લોકો ભેગા થયા થયા હતા અને રેલી કાઢી દારૂબંધીના સુત્રોચાર સાથે આ રેલી ધાનેરાની એસડીએમ કચેરી ખાતે પહોંચી હતી અને ધાનેરાના પ્રાંતઅધિકારીને આવેદનપત્ર ઉગ્ર આંદોલન કરશું.

ધાનેરા શહેરમાં દારૂડિયા તત્વોનો એટલો ત્રાસ વધી ગયો છે કે લોકોને જાહેર રસ્તા પરથી ચાલવું પણ મુશ્કેલ બની ગયું છે દારૂડિયા તત્વો દારૂ પીને બેભાન હાલતમાં નિર્વસ્ત્ર પડ્યા જોવા મળે છે ત્યારે હવે તંત્ર આ બાબતે જાગે અને તાત્કાલિક પગલાં ભારે તેવી લોક માંગ ઉઠવા પામી છે.



### ધનસુરાના શીકામાં સાપો વિશેની જાણકારીનો કાર્યક્રમ યોજાયો

અરવલ્લી જિલ્લા ના શીકા ખાતે ઉન્મેષભાઈ પટેલ (પ્રિન્સીપાલ રમાસ હાઈસ્કૂલ)ની પ્રેરણાથી શીકા ગામ ખાતે મોડાસાના વિખ્યાત દયા ફાઉન્ડેશન ધ્વારા ઝેરી કોબ્રાસાપ,સામાન્ય બિનઝેરી સરીસૃપનો તફાવત તથા તેનાથી બચવાના ઉપાયો તથા સાપના કરડવાથી પ્રાથમિક સારવાર શું આપી શકાય તેના વિશે માહિતી આપવામાં આવી હતી.કાર્યક્રમ ના અંતમા શીકાતળાવમાં જાળીમાં ફસાયેલ ચોકરનામક સાપને રેસ્ક્યુ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ માં શીકા ગ્રામ પંચાયતના ઉપસરપંચ બિંકલબેન પટેલ તથા ગ્રામ્ય પંચાયત ના સભ્યો તથા જયેશભાઈ ભટ્ટ,જગદીશભાઈ તથા શીકા ગામના ૩૦૦ થી વધારે લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## રામપુરીના ફિમેલ હેલ્થ વર્કર ધ્વારા સગર્ભા મહિલાઓને મચ્છરદાનીનું વિતરણ કરાયું

ભિલોડા,તા.૨૪

ભિલોડા તાલુકાના ટોરડા પ્રાથમીક આરોગ્ય કેન્દ્રના રામપુરીના ફિમેલ હેલ્થ વર્કર કિરણબેન રાવલ ધ્વારા સગર્ભા મહિલાઓને મચ્છરદાની, મગ, ગોળનું વિતરણ કરાયું હતું. મચ્છરદાનીનો ઉપયોગ કેવી રીતે કરવો તે વિશે વિસ્તૃત જાણકારી અપાઈ હતી. સગર્ભા અવસ્થામાં મહિલાઓએ વિશેષ કાળજી રાખવી જોઈએ, પોષણ વિશે વિશેષ ધ્યાન આપવા અનુરોધ કર્યો હતો.સરગવો અને પાદડાનો મહત્તમ રીતે અલગ-અલગ પધ્ધતિ થી રાંધીને સરગવો અવશ્ય ખાવો જોઈએ તેમજ સરગવાના ફાયદા વિશે માહિતી અપાઈ હતી.મમતા દિને મહિલાઓ અને બાળકોએ સમયસર હાજર રહીને વિવિધ સેવાકીય યોજનાઓનો લાભ લેવા માટે જણાવ્યું હતું.

## ધનસુરા ખાતે અંબાજી દર્શને જતા રથનું સ્વાગત અને પ્રસાદીનું આયોજન કરાયુ

નવરાત્રિમાં અંબાજી દર્શન કરવા માટેનું અનેરું મહત્વ છે ત્યારે વડોદરા જિલ્લાનાના ટીંબરવા, લીમડા, મોભીયાથી ૧૫૦ થી વધુ લોકો સાથે રથ નીકળ્યો છે. જે રથ અરવલ્લી જિલ્લા ના ધનસુરા પહોંચ્યો હતો. જ્યાં લાભુભાઈ પટેલ અને હર્ષિલ પટેલ (પ્રમુખ જન સેવા ફાઉન્ડેશન વડોદરા જિલ્લો)ના પરિવાર ધ્વારા રથનું સ્વાગત કરવામાં આવ્યું હતુ અને સાથે પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ રથ નવરાત્રિ ના પ્રથમ દિવસે અંબાજી પહોંચશે અને ત્યાં ધ્વજારોહન કરશે.આ રથની ખાસ વાત એ છે કે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રુપાણીએ દશમના દિવસે અંબાજી ચાચરચોકમાં આ રથ થી પ્રસ્થાન કરાવ્યું હતું. આ રથ ટીંબરવા ખાતેથી ભવ્ય શોભાયાત્રા બાદ નીકળેલ છે જે નવરાત્રિ ના પહેલા દિવસે અંબાજી પહોંચશે અને ત્યાં ધ્વજારોહન કરશે. ટીંબરવા લીમડા અને મોભીયા ના લોકો છેલ્લા ૭ વર્ષથી પદયાત્રા કરી અંબાજી દર્શન માટે જાય છે. ધનસુરા ખાતે સ્વાગત અને પ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું હતું એ બદલ પટેલ મહેન્દ્રભાઈ રમણભાઈ (લીમડા), કિરીટભાઈ પરમાર, છોટાભાઈ, કૌશિકાબેન પટેલ (ટીંબરવા), ગોપાલભાઈ પરમાર (મોભીયા), વૈશાલીબેન પટેલ (સરપંચ) સૌએ લાભુભાઈ પટેલ, અનિલભાઈ પટેલ, હર્ષિલ પટેલ (પ્રમુખ જન સેવા ફાઉન્ડેશન વડોદરા જિલ્લો) રિશિત પટેલ અને સૌનો આભાર માન્યો હતો.

## હિંમતનગર આરટીઓ કચેરીમાં એજન્ટ પ્રથા બંધ કરાઈ

### કચેરીઓમાંથી એજન્ટોને ખદેડી મુકાયા : કચેરી દ્વારા અરજદારોની પુછપરછ કરાયા બાદ પ્રવેશ અપાશે

હિંમતનગર, તા. ૨૪

રાજ્યના વાહન વ્યવહાર વિભાગ દ્વારા તેમના તાબામાં આવતી જિલ્લાઓની આરટીઓ કચેરીમાં સલાહકારના નામે એજન્ટોનું રાજ ચાલી રહ્યું છે. ત્યારે વાહન માલિકો પાસેથી આ એજન્ટો મનમાની કરીને પૈસા પડાવી રહ્યા છે. ત્યારે વાહન વ્યવહાર કચેરીના કમિશનરે સોમવારે રાત્રે ખાસ પરીપત્ર જારી કરીને તમામ આરટીઓ કચેરીઓને તાકીદ કરી છે કે મંગળવારથી આરટીઓ કચેરીમાં વાહન સલાહકારના નામે આવીને પોતાના કામ કરાવી જતા હોવાથી સામાન્ય અરજદારોને મુશ્કેલી પડે છે ત્યારે આ એજન્ટોને કચેરીમાં પ્રવેશ કરવા પર મનાઈ ફરમાવાઈ છે.

આ અંગે જિલ્લા આરટીઓ કચેરીના અધિકારી એસ.આર. પટેલના જણાવાયા મુજબ અત્યાર સુધી આરટીઓ કચેરીમાં વાહનોના કામ અર્થે આવતા જિલ્લાના વિવિધ સ્થળે રહેતા વાહનચાલકો પોતાનું કામ કરાવવા માટે આરટીઓ કચેરીની આસપાસ ફરતા એજન્ટોનું સંપર્ક કરીને સરકારની નિયત ફી કરતા વધુ રકમ લઈને વાહનચાલકોના કામ નિપટાવી આપે છે.

દરમ્યાન રાજ્ય સરકારે વાહન વ્યવહાર વિભાગ દ્વારા નવા નિયમો અમલી બનાવાતા જિલ્લાના અનેક અરજદારો પોતાના વાહનના દસ્તાવેજ મેળવવા માટે હિંમતનગર સ્થિત આરટીઓ કચેરીમાં ધસારો કરી રહ્યા છે. દરમ્યાન વાહન વ્યવહાર કમિશનરે સોમવારે સાંજે તમામ આરટીઓ કચેરીઓમાં એજન્ટોને પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવી દેતુ જાહેરનામુ પ્રસિદ્ધ કરીને તેનો મંગળવારથી અમલ કરવા તાકીદ કરાઈ હતી.

જેથી મંગળવારે હિંમતનગર આરટીઓ કચેરીમાં આવતા તમામ એજન્ટોને કચેરીની બહાર ખદેડી દેવામાં આવ્યા હતા. જોકે આરટીઓ કચેરી દ્વારા સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે પોલીસતંત્રની મદદ લેવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે સોમવારે આરટીઓ કચેરીમાં એજન્ટ અને કર્મચારી વચ્ચે ઉભા થયેલા મતભેદ બાદ મામલો ઉગ્ર બન્યો હતો. જે અંગે ઉચ્ચ કક્ષાએ ખબર પડ્યા બાદ એજન્ટ પ્રથા પર પાબંધી મુકાઈ હોવાનુ આધારભુત સૂત્રોમાંથી જણાવાયુ છે.

#### અરજદારો માટે જનસેવા કેન્દ્ર શરૂ કરો

આરટીઓમાં એજન્ટ પ્રથાને બંધ કરી દેવાઈ છે ત્યારે ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાંથી આવતા અરજદારો આરટીઓની કાર્યપદ્ધતી અંગે કોઈ જાણકારી હોતી નથી ત્યારે આરટીઓ કચેરીએ અરજદારોને મદદરૂપ થવા માટે તાલુકા અને જિલ્લાકક્ષાએ અન્ય સરકારી વિભાગોમાં ચાલતા જનસેવા કેન્દ્રની જેમ આરટીઓમાં પણ જનસેવા કેન્દ્ર શરૂ કરવુ જોઈએ એમ વાહનચાલકો ઈચ્છી રહ્યા છે.

#### કેટલા એજન્ટો કામ કરે છે

હિંમતનગર સ્થિત આરટીઓ કચેરીમાં આવતા અરજદારોના વિવિધ કામો કરી આપવા માટે અંદાજે ૧૦૦થી વધુ એજન્ટો આરટીઓ કચેરીની આસપાસ પ્રાઈવેટ ઓફીસ બનાવીને ઓનલાઈન અથવા તો ઓફલાઈન કામ કરીને અરજદારો પાસેથી મોં માંગ્યા દામ વસુલે છે તેવુ લોકમુખે ચર્ચાઈ રહ્યુ છે.